# ઔદ્યોગિક અદાલત નં.ર ના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ, સુરત.

રેફરન્સ(આઈ.ટી.)નં.૨૨/૨૦૧૭

::– આંક:૪૭ નીચે હુકમ –::

બીજા પક્ષકાર તરફેની હાલની અરજી રેફરન્સ(આઈ.ટી.)નં.૨૨/૨૦૧૭ અને રેફરન્સ(આઈ.ટી.)નં.૨૩/૨૦૧૭ ને કોન્સોલીડેટ કરવા માટેની છે. હાલની અરજી ઉપરનો પ્રથમ પક્ષકાર તરફેનો શેરો વંચાણે લેતાં, તેઓના બચાવના હકકો અબાધિત રાખી આ બંને રેફરન્સ કેસ કોન્સોલીડેટ કરવામાં આવે તે સામે વાંધો નથી તેવો શેરો કરેલ છે.

બીજા પક્ષકાર તરફેની હાલની અરજીની હકીકત એવી છે કે, બંને કેસોમાં પક્ષકારો સરખા છે અને સજાના હુકમો અને તે આધારિત ખાતાકીય તપાસની કાર્યવાહીનો રીપોર્ટ પડકારવામાં આવેલ છે. આ બંને કેસોની એકસાથે કાર્યવાહી થયેલ છે. પરંતુ શરતચુકથી બંને રેફરન્સમાં માંગણા નિવેદન અને તે અનુસંધાનેના દસ્તાવેજો ઉલટ સુલટ રજુ થયેલ છે. જે રેકોર્ડ સુધારણામાં ઘણો સમય જાય તેમ હોય કોઈ આ બંને કેસો કોન્સોલીડેટ કરી સુનાવણી કરવા અરજ છે.

રેફરન્સ(આઈ.ટી.)નં.૨૨/૨૦૧૭ તા.૧૨/૦૮/૨૦૧૦ ના રોજના હુકમથી એક વાર્ષિક ઈજાફો બંધ કરવા સંબંધી રેફરન્સ છે અને રેફરન્સ(આઈ.ટી.)નં.૨૩/૨૦૧૭ તા.૧૧/૦૮/૨૦૧૦ ના રોજના હુકમથી બે વાર્ષિક ઈજાફા બંધ કરવા સંબંધી રેફરન્સ છે.

રેફરન્સ(આઈ.ટી.)નં.૨૨/૨૦૧૭ ના કામે બીજા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ માંગણા નિવેદન તા.૧૧/૦૮/૨૦૧૦ ના રોજના હુકમથી બે વાર્ષિક ઈજાફા બંધ કરવા સંબંધી છે અને તે સામે પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ લેખિત જવાબ પણ તે સંબંધી છે તેમજ પક્ષકારો તરફે તે મુજબનો પુરાવો રજુ થયેલ છે.

રેફરન્સ(આઈ.ટી.)નં.૨૩/૨૦૧૭ ના કામે બીજા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ માંગણા નિવેદન તા.૧૨/૦૮/૨૦૧૦ ના રોજના હુકમથી એક વાર્ષિક ઈજાફો બંધ કરવા

સંબંધી છે અને તે સામે પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ લેખિત જવાબ પણ તે સંબંધી છે તેમજ પક્ષકારો તરફે તે મુજબનો પુરાવો રજુ થયેલ છે.

આમ, ઉપરોકત હકીકતે રેફરન્સ(આઈ.ટી.)નં.૨૨/૨૦૧૭ ના કામે રેફરન્સ(આઈ.ટી.)નં.૨૩/૨૦૧૭ સંબંધી માંગણા નિવેદન, લેખિત જવાબ તથા પુરાવો રજુ થયેલ છે અને રેફરન્સ(આઈ.ટી.)નં.૨૩/૨૦૧૭ ના કામે રેફરન્સ(આઈ.ટી.) નં.૨૨/૨૦૧૭ સંબંધી માંગણા નિવેદન, લેખિત જવાબ તથા પુરાવો રજુ થયેલ છે. આ સંજોગોમાં આ બંને રેફરન્સનો નિર્ણય સ્વતંત્ર રીતે કરવાથી પક્ષકારોના હીતને વિપરીત અસર થાય તેમ છે અને ન્યાયનો હેતુ જળવાય તેમ નથી. આ બંને કામો દલીલના તબકકે છે અને પાંચ વર્ષ ઉપરાંત જુના છે અને અનિયમિતતા દુર કરવમાં ઘણો સમય બગડે તેમ છે. આ સંજોગોમાં આ બંને રેફરન્સ કોન્સોલીડેટ કરી નિર્ણય કરવામાં આવે તો પક્ષકારોનું હીત જળવાય તેમ છે તેમજ કોઈ પણ પક્ષકારને અન્યાય થવા સંભવ નથી. જેથી હાલની અરજી મંજુર કરવી જરૂરી,યોગ્ય અને ન્યાયોચિત જણાતુ હોઈ ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

::– હુકમ –::

(૧) આથી રેફ.(આઈ.ટી.) નં.૨૨/૨૦૧૭ અને રેફ.(આઈ.ટી.) નં.૨૩/૨૦૧૭ ને કોન્સોલીડેટ કરવામાં આવે છે.

(૨) રેફ.(આઈ.ટી.) નં.૨૨/૨૦૧૭ અને રેફ.(આઈ.ટી.) નં.૨૩/૨૦૧૭ ની આગળની કાર્યવાહી સંયુકત રીતે કરવા હુકમ કરવામાં આવે છે.

આજ તા.૧૧ મી જુલાઈ–૨૦૨૫ ના રોજ હુકમ કરવામાં આવ્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
સભ્ય,ઔદ્યોગિક અદાલત નં.૨, સુરત.
જજ કોડ : જીજે ૦૦૫૬૧

( સ્ટેનો– સી.જી.ચૌધરી )